સમકક્ષ જગ્યાનો હવાલો સંભાળતા સબબ
ખાસ પગાર મંજૂર કરવા બાબત--સુધારો.

# ગુજરાત સરકાર

## નાણા વિભાગ

ઠરાવ ક્રમાંક : એસએસપી -૧૦૯૪-૧૨૬--ચ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી માર્ચ, ૧૯૯૪.

### ઠરાવ

સરકારશ્રીના પ્રવર્તમાન આદેશો મુજબ પોતાની ફરજો ઉપરાંત સમકક્ષ જગ્યાનો વધારાનો હવાલો ત્રીસ દિવસથી ઓછા દિવસ માટે નહીં તે મુજબ સંભાળવા માટે કર્મચારી/અધિકારીને તેવી સમકક્ષ જગ્યાના સંભાવી પગારના ૫ ટકા મુજબ ખાસ-પગાર મંજૂર કરવામાં આવે છે.

૨. સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલ "ઉચ્ચત્તર પગાર ધોરણ" યોજના અન્વયે ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવતાં કર્મચારી/અધિકારી તેમની ફરજો ઉપરાંત જ્યારે તે જ ઉચ્ચત્તર પગાર ધોરણની અન્ય જગ્યાનો વધારાનો હવાલો સંભાળે તેવા કિસ્સામાં તેમને કયા દરે ખાસ પગાર મંજૂર કરવો તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩. આ બાબતે પુખ્ત વિચારણા કર્યા બાદ સરકારશ્રી આથી ઠરાવે છે કે ઉચ્ચત્તર-પગાર ધોરણ મેળવતાં કર્મચારી/અધિકારી તેમની ફરજો ઉપરાંત જ્યારે તે જ ઉચ્ચત્તર પગાર ધોરણની અન્ય જગ્યાનો વધારાનો હવાલો ત્રીસ દિવસથી ઓછા દિવસ માટે નહિ તે મુજબ સંભાળે તેવા કિસ્સામાં સંબંધિત કર્મચારી/અધિકારીને ઉચ્ચત્તર પગાર ધોરણની તે જગ્યાના સંભાવી પગારના ૫ ટકા મુજબના દરે ખાસ પગાર મંજૂર કરવાનો રહેશે.

૪. ખાસ પગાર મંજૂર કરવા સંબંધેની અન્ય શરતો યથાવત રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અ. બ. પઠાણ,
નાયબ સચિવ,
નાણા વિભાગ.

નકલ રવાના:--

૧. રાજ્યપાલના સચિવશ્રી,
૨. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
૩. મંત્રીશ્રીઓ, રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ અને નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
૪. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
૫. સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
૬. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
૭. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા પંચ, અમદાવાદ.
૮. સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ ગાંધીનગર.
૯. સચિવાલયના બધા વિભાગો બધા ખાતાના વડાઓ અને કચેરીઓના વડાઓ.
૧૦. એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ રાજકોટ.
૧૧. મુકામી તપાસણી અધિકારી, અમદાવાદ ગાંધીનગર.
૧૨. પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ ગાંધીનગર.
૧૩. બધા નિગમો સ્વાયત સંસ્થાઓ યુનિવર્સિટીઓ.
૧૪. રાજ્ય સરકાર હેઠળના બધા જાહેર સાહસો.
૧૫. નાણા વિભાગની બધી શાખાઓ.
૧૬. "ક" વર્ગ વહેંચણી

H--1677

----